
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૨૭ | ૭ ફેબ્રુઆરી, ૨૦૧૮, બુધવાર ; મહા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શેરબજાર પુનઃ ધરાશાયી

**ઇન્ટ્રા ડેમાં વધુ ૧૨૭૫ પોઇન્ટનો કડાકો : સેંસેક્સ અફડાતફડી બાદ ૫૬૧ પોઇન્ટ ઘટી ૩૪૧૯૫ની સપાટીએ સેંસેક્સના તમામ શેર રેડમાં : કારોબાર કરતા વેપારીઓ પણ હચમચી ઉઠ્યા : મોટાભાગના શેર કડડભુસ**



નવી દિલ્હી,તા. ૬

વૈશ્વિક શેરબજારમાં હાલ પ્રવર્તી રહેલી અભૂતપૂર્વ મંદીની અસર ભારતીય શેરબજારમાં પણ જોવા મળી રહી છે. આજે કારોબારની શરૂઆત થતાની સાથે જ બજારમાં કોહરામની સ્થિતી રહી હતી. શેરબજાર ફરી એકવાર પત્તાની મહેલની જેમ ધરાશાયી થતા કારોબારી ભારે ચિંતાતુર દેખાયા હતા. ૩૦ શેરના બીએસઇ સેંસેક્સમાં શરૂઆતી કારોબારમાં જ ૧૨૭૪ પોઇન્ટનો મોટો કડાકો બોલી ગયો હતો. આની સાથે જ રોકાણકારોની સૌથી ખરાબ સપનું સાચુ પુરવાર થયું હતું. શરૂઆતમાં અભૂતપૂર્વ મંદી રહ્યા બાદ બેંચમાર્ક ઇન્ડેક્સમાં બપોરના ગાળામાં રિકવરીની શરૂઆત થઇ હતી પરંતુ દલાલ સ્ટ્રીટ માટે મંગળવાર બ્લેક ટ્યુઝડેથી ઓછું રહ્યું ન હતું. આજે કારોબારના અંતે ઘણી રિકવરી થઇ હોવા છતાં સેંસેક્સ ૫૬૧ પોઇન્ટ ઘટીને ૩૪૧૯૫ની સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટી ઇન્ડેક્સ પણ જોરદાર રિકવર થઇને અંતે ૧૬૮ પોઇન્ટના ઘટાડા સાથે ૧૦૪૯૮ની નીચી સપાટીએ રહ્યો હતો. ૧૧૦૦૦ની સપાટી નિફ્ટીએ ગુમાવી દીધી હતી. સ્થિતી એ રહી હતી કે આજે કોઇ

● અનુસંધાન પાન-૭ પર

## ત્રણ કારોબારી સેશનમાં ૧૦ ટ્રિલિયનનું અભૂતપૂર્વ નુકસાન

**બ્લેક ટ્યુઝડે વેળા મિનિટોમાં પાંચ લાખ કરોડ ગયા : ટોપ કંપનીઓની માર્કેટ મૂડી ઘટીને કુલ ૧૪૩ ટ્રિલિયન રૂપિયા થઇ**

મુંબઇ, તા. ૬

શેરબજારમાં ભારે હાહાકારની સ્થિતિ વચ્ચે બજેટ ૨૦૧૮-૧૯ બાદથી છેલ્લા ત્રણ કારોબારી સેશનમાં ૧૦ ટ્રિલિયન રૂપિયાથી વધુ ગુમાવી ચુક્યા છે. આજે મિનિટોના ગાળામાં જ પાંચ લાખ કરોડ રૂપિયા મૂડીરોકાણકારોએ ગુમાવી દીધા હતા. બીએસઈમાં તમામ લિસ્ટેડ શેરની કુલ સંયુક્ત માર્કેટ મૂડીની દ્રષ્ટિએ કુલ રોકાણકારોની સંપત્તિમાં છેલ્લા ત્રણ કારોબારી સેશનમાં આજે સવાર સુધી ૧૦ ટ્રિલિયન રૂપિયા ઘટીને ૧૪૩ ટ્રિલિયન રૂપિયા થઇ ગય ાહતા. પહેલી ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસે બજેટની જાહેરાત કરવામાં આવી ત્યારે માર્કેટ મૂડી ૧૫૩ ટ્રિલિયન રૂપિયા હતા. ઈક્વિટી રોકાણના વેચાણ ઉપર સરકારે ૧૦ ટકા લોંગ ટર્મ કેપિટલ ગેઇન ટેક્સની જાહેરાત કરી હતી. ૨૩મી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે બીએસઈમાં તમામ લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ મૂડી ૧૫૬.૫૭ ટ્રિલિયન હતી. ગુરુવારના દિવસે સેંસેક્સ ૩૫૯૦૭ની ઉંચી સપાટી ઉપર રહ્યો હતો ત્યારબાદથી સેંસેક્સ હવે છ ટકાથી વધુ ઘટીને ખુબ નીચી સપાટીએ પહોંચી ગયો છે. શેરબજાર સાત સપ્તાહના ગાળામાં જ સૌથી નીચી સપાટીએ પહોંચ્યો છે.

## સરહદ પર યુદ્ધવિરામ ભંગનો મુદ્દો લોકસભામાં પણ ઉઠાવાયો

નવી દિલ્હી,તા. ૬

જમ્મુ કાશ્મીરમાં સરહદી વિસ્તારોમાં પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામ ભંગના મુદ્દે આજે કોંગ્રેસે લોકસભામાં જોરદાર રજૂઆત કરી હતી. આ મુદ્દાની ગુંજ રાજ્યસભામાં પણ જોવા મળી હતી. કોંગ્રેસના નેતાઓએ કેન્દ્ર સરકાર ઉપર પાકિસ્તાન સામે કઠોર કાર્યવાહી કરવાની માંગ કરીને ધાંધલ ધમાલ મચાવી હતી જેથી લોકસભાની કાર્યવાહી મોકૂફ કરવી પડી હતી. લોકસભામાં કાર્યવાહી શરૂ થતાંની સાથે જ કેટલાક પક્ષોના નેતાઓએ બજેટને લઈને પણ નારાજગી વ્યક્ત કરી હતી. ટીડીપીના સભ્યોએ બજેટમાં આંધ્રપ્રદેશને કંઇ ન મળતા તેની સામે વાંધો ઉઠાવ્યો હતો. જમ્મુ કાશ્મીરમાં વિસ્ફોટક સ્થિતિનો મુદ્દો ચમક્યો હતો. સામ સામે આક્ષેપબાજીનો દોર ચાલ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં હોસ્પિટલ પર હુમલો

**હોસ્પિટલની અંદર હુમલો કરી ત્રાસવાદીને છોડાવી ગયા : બે પોલીસ જવાન શહીદ : પોલીસ ટુકડી ચેકઅપ માટે છ ખતરનાક ત્રાસવાદીઓને મહારાજા હરિસિંહ હોસ્પિટલમાં લાવી ત્યારે લશ્કરે તોઈબાના ત્રાસવાદીઓએ હુમલો કર્યો**

શ્રીનગર, તા. ૬

જમ્મુ કાશ્મીરના પાટનગર શ્રીનગરના શ્રીમહારાજા હરિસિંહ હોસ્પિટલની અંદર લશ્કરે તોઈબાના ત્રાસવાદીઓએ આજે ભીષણ હુમલો કરીને એક પાકિસ્તાની ત્રાસવાદી અબુ હંજૂલા ઉર્ફે નાવિદ જટને છોડાવી લેવામાં સફળતા મેળવી હતી. આના કારણે ભારતીય સુરક્ષા તંત્રની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે. આ હુમલામાં બે પોલીસ જવાન શહીદ થયા હતા. અલબત્ત શ્રીનગરના એસએસપી ઈમ્તિયાઝ ઈસ્માઈલનું કહેવું છે કે, છ ત્રાસવાદીઓની ચકાસણી હોવાથી તેમને હોસ્પિટલમાં લઈ જવામાં

● અનુસંધાન પાન-૭ પર



## અગ્નિ-૧ મિસાઈલનું પુનઃ સફળ પરિક્ષણ ૭૦૦ કિમી સુધી ત્રાટકવામાં સક્ષમ

**ઓરિસ્સાના દરિયાકાંઠે અબ્દુલ કલામ દ્વીપ પરથી સવારે સફળ પરીક્ષણ**



નવીદિલ્હી, તા. ૬

ભારતે આજે પરમાણુ સક્ષમ અને ૭૦૦ કિલોમીટર સુધી ત્રાટકવામાં સક્ષમ સ્વદેશી રીતે વિકસિત કરવામાં આવેલી અગ્નિ-૧ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ પરીક્ષણ ઓરિસ્સાના દરિયાકાંઠા અબ્દુલ કલામ દ્વીપ ઉપર સવારે ૮.૩૦ વાગે ભારતીય સેનાની સ્ટ્રેટેજીક ફોર્સ કમાન્ડ દ્વારા કરવામાં આવ્યું હતું. પરીક્ષણ માટે નક્કી કરવામાં આવેલા તમામ ધારાધોરણ મુજબ આ મિસાઈલ ટેસ્ટમાં પાર ઉતરતા ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. જમીનથી જમીન પર પ્રહાર કરવામાં સક્ષમ આ મિસાઈલનું આજે સવારે ૮.૩૦ મિનિટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણ બિલકુલ સફળ રહ્યું હતું. આ અગાઉ ૨૭મી નવેમ્બર ૨૦૧૫ના દિવસે અગ્નિ-૧નું પરીક્ષણ કરવામાં આવ્યું હતુ તે પહેલા અગ્નિ-૧ મિસાઈલનું

● અનુસંધાન પાન-૭ પર

## માલદીવમાં કટોકટી વચ્ચે પ્રજાને પ્રવાસ ટાળવા સલાહ

**ભારતે માલદીવના ઘટનાક્રમને લઇને ચિંતા વ્યક્ત કરી : માલદીવના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિની ધરપકડ**

માલે,તા. ૬

માલદીવમાં રાષ્ટ્રપતિ અબ્દુલ્લા યામીને સોમવારના દિવસે ૧૫ દિવસ માટે ઈમરજન્સીની જાહેરાત કરી દીધી હતી. આ જાહેરાતની સાથે જ ચાલી રહેલા રાજકીય સંકટની સ્થિતિ વધુ ઘેરી બની ગઈ છે. સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિને રાજકીય કેદીઓને મુક્ત કરવા માટે આદેશ કર્યો હતો જેને સ્વીકારવાનો ઈન્કાર કરવામાં આવ્યા બાદ સંકટની શરૂઆત થઈ હતી. સોમવારના દિવસે સુરક્ષા દળોએ સુપ્રીમ કોર્ટના પ્રવેશદ્વાર તોડવાની શરૂઆત કરી હતી. બીજી બાજુ ચિંતિત ભારતે પોતાના નાગરિકોને હાલ માલદીવની યાત્રાને ટાળવા માટે કહ્યું છે. બીજી બાજુ અમેરિકાએ કહ્યું છે કે, સરકારને કાયદાનું સમ્માન કરવું જોઈએ. માલદીવના પૂર્વ રાષ્ટ્રપતિ મોમુન અબ્દુલ્લા સહિત અનેક લોકોને પકડી લેવામાં આવ્યા છે જેમાં સુપ્રીમ કોર્ટના જજ અલી હમીદનો સમાવેશ થાય છે. માલદીવમાં કટોકટી વધુ ઘેરી બની ગઈ છે.

**અમૂલ્ય તક - આજે જ ઝડપો**

શું તમે હાઉસવાઈફ છો ?
શું તમે કારકિર્દીની શરૂઆત કરવા માગો છો ?

ભારતની નં.૧ ફાઈનાન્સ સંસ્થા સાથે જોડાઈ લીડરશીપ - ક્વોલિટીની કારકિર્દી આજે જ શરૂ કરો

કોઈપણ જાતના રોકાણ વગર, સઘન ટ્રેનીંગ અને કોચીંગ દ્વારા મહિને ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ કમાવવાની તક સાથે વિદેશયાત્રાની અમૂલ્ય તક

ઈન્ટરવ્યુ તા. ૭/૨/૨૦૧૮ થી ૧૦/૨/૨૦૧૮

મો. ૯૯૦૪૮ ૩૪૯૩૬ મહેન્દ્ર રાવલ | મો. ૯૬૨૪૪ ૮૬૬૯૯ પ્રશાંત મહિચા

ઉંમર મર્યાદા - ૨૫થી ઉપર


**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

॥ શ્રી હરિઃ॥

ગાંધીનગર સ્થિત

મંગલ વધાઈ — મંગલ વધાઈ



૨૫ રજત જયંતિ વર્ષ

શ્રીજી શ્રીગોવર્ધનનાથજી હવેલી

મંગલ મહોત્સવ



રજત જયંતિ વર્ષના શુભ અવસરે

તા.૦૮-૦૨-૨૦૧૮, ગુરુવાર

સર્વાધ્યક્ષ:
યુવા વૈષ્ણવાચાર્ય પૂજ્ય.પાદ્.ગોસ્વામી ૧૦૮
શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી

આદ્યસંસ્થાપક
વિશ્વવંદનીયા પરમ વિદૂષી શ્રીવલ્લભકુલભૂષણા નિ.લી.પૂ.પા.ગો ૧૦૮
શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાશ્રી (પૂ.શ્રીજીજી)

ભકિત સંગીત સંધ્યા બપોરે ૧ થી ૩ કલાકે

પૂજ્યશ્રીના આશિર્વચન એવં મંગલ મહોત્સવ સભા : બપોરે ૩ થી ૫ કલાકે

શ્રીપ્રભુ સુખાર્થે ભવ્ય છપ્પનભોગ બડોભોગ મનોરથઃ સાંજે ૫.૩૦ કલાકે

અમદાવાદથી મહોત્સવમાં જોડાવવા ઈચ્છુક ભાવીકજનો અર્થે વિશેષ બસ વ્યવસ્થાનું નિઃશુલ્ક આયોજન છે. બસ વ્યવસ્થાનો લાભ પ્રાપ્ત કરવા સંપર્ક કરોઃ ૦૯૯૦૪૬ ૨૩૩૩૩

વિશેષ જાણકારી હેતુ સંપર્ક કરો:
શ્રી ડૉ.પ્રદીપ ગગલાણી (પ્રમુખ) ૦૯૮૨૪૨૬૬૧૨૧

મહોત્સવ સભા સ્થળઃ સેકટર-૨૨ રંગમંચ પાસે

વિશેષ જાણકારી હેતુ સંપર્ક કરો:
શ્રી કિરીટ સોની (માનદ્ મંત્રી) ૦૯૮૯૮૩૪૪૪૬૬

શ્રીપ્રભુ મનોરથ દર્શન સ્થળઃ શ્રીજી શ્રીગોવર્ધનનાથજી હવેલી, પંચદેવ મંદિર સામે, "ચ" માર્ગ, સેકટર-૨૧, ગાંધીનગર

● શ્રી ડૉ.પ્રદિપભાઈ ગગલાણી (પ્રમુખ) ● શ્રી દિનેશભાઈ એફ શાહ (પૂર્વ પ્રમુખ) ● શ્રી ગુણવતભાઈ શાહ (પૂર્વ પ્રમુખ) ● શ્રી કનુભાઈ એસ. શાહ (ઉ.પ્ર.) ● શ્રી રસિકભાઈ ગાંધી (ઉ.પ્ર.) ● શ્રી જશવંતભાઈ ગાંધી (ઉ.પ્ર.) ● શ્રી કિરીટભાઈ સોની (માન્દ મંત્રી) ● શ્રી પ્રકાશભાઈ એચ. શાહ (મંત્રી)
● શ્રી રાહુલભાઈ આર. કડકીયા (મંત્રી) ● શ્રી જે.ઓ. શાહ (સહમંત્રી) ● શ્રી ચંદ્રકાન્તભાઈ અડાલજા (કોષાધ્યક્ષ) ● શ્રી પરેશભાઈ મોદી (સદસ્ય) ● શ્રી આર.જી. પરીખ (સદસ્ય) ● શ્રી સી.એમ. શાહ (સદસ્ય) ● શ્રી જયેન્દ્રભાઈ પરીખ (સદસ્ય) ● સુ.શ્રી કુંજબાલાબેન શાહ (સદસ્યા)